| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૬/૦૯/૨૦૧૯ | | |
| રજીસ્ટર તારીખ | ૨૬/૦૯/૨૦૧૯ | | |
| નિકાલ તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૬ | ૨૨ |

**રાજકોટના મહે. એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.**

**<u>સેશન્સ કેસ નંબરઃ ૧૯૪/૨૦૧૯.</u>**
**આંકઃ ૧૧૪**

**<u>ફરિયાદી.</u>**

**સરકારશ્રી,**

**-// વિરૂધ્ધ //-**

**<u>આરોપી.</u>**

**(૧) ઈશ્વર ઉર્ફે ઈસુ ઉર્ફે દબુ છગનભાઈ મકવાણા,**
ઉ.વ. આ.૨૧,
**(૨) આશીષ ઉર્ફે અનીલ છગનભાઈ મકવાણા,**
ઉ.વ. આ.૨૨,
**(૩) ભરતભાઈ નાથાભાઈ મકવાણા, (એબેટ)**
ઉ.વ. આ.૨૨,
**(૪) પ્રફુલ ઉર્ફે ભુપો છગનભાઈ મકવાણા, (એબેટ)**
ઉ.વ. આ.૨૨,
બધા રહે. આજીડેમ ચોકડી, માંડા ડુંગર,
ભીમરાવનગર મેઈન ઢાળવાળી શેરી,
જૈન દેરાસરની આગળ, રાજકોટ.

**બાબત:** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ.</u>**

**<u>વકિલશ્રીઓ::</u>**
ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી પી.કે.પટેલ.
<u>બચાવપક્ષ તરફે વિદ્વાન વકિલ શ્રી બી.વી.ડોડીયા.</u>

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૭/૦૪/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૭/૦૪/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૨૫/૦૭/૨૦૧૯ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૩/૦૧/૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઈશ્વર ઉર્ફે ઇસુ ઉર્ફે દબુ છગનભાઇ મકવાણા | ૩૦/૦૪/૨૦૧૯ | **UTP** | બી.એન.એસ. કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ . | નિર્દોષ | --- | --- |
| ૨. | આશીષ ઉર્ફે અનીલ છગનભાઇ મકવાણા | ૩૦/૦૪/૨૦૧૯ | ૨૫/૧૦/૨૦૧૯ | બી.એન.એસ. કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ . | નિર્દોષ | --- | --- |
| ૩. | ભરતભાઇ નાથાભાઇ મકવાણા (એબેટ) | ૩૦/૦૪/૨૦૧૯ | ૨૫/૧૧/૨૦૧૯ | બી.એન.એસ. કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ . | નિર્દોષ | --- | --- |
| ૪. | પ્રફુલ ઉર્ફે ભુપો છગનભાઇ મકવાણા (એબેટ) | ૩૦/૦૪/૨૦૧૯ | --- | બી.એન.એસ. કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ . | નિર્દોષ | --- | --- |

## -// <u>ચુ કા દો</u> //-

૧. આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત એવી છે કે, તારીખ :૨૭/૦૪/૨૦૧૯ ના બપોરના આશરે બારેક વાગ્યે હું મારા ઘરે હતો ત્યારે અમારી શેરીમાં રહેતો મારો મિત્ર મહેશ હરિભાઈ મુછડીયા મારા ઘરે આવેલ અને મને કહેલ કે તારા ભાઈ મોરારીને તમારા માતાજીના મઢમાં ઈશ્વર તથા તેના કાકા ભરતભાઈ તથા અનિલ તથા પ્રફુલે ભેગા મળી છરીના ઘા મારેલ છે તેમ કહેતા હું તથા મારા મમ્મી શાંતુબેન અમારા ઘરની બાજુમાં જ માતાજીનો મઢ આવેલ છે ત્યાં જતા મારો ભાઈ મોરારી લોહી લુહાણ હાલતમાં પડેલ હતો અને હીબકા લેતો હતો અને તેના શરીરે, ગળામાં, છાતીના ભાગે, પેટના ભાગે, હાથ તથા સાથળમાં ઈજા થયેલ જોવામા આવેલ અને બીજા માણસો ભેગા થયેલ તેમાંથી કોઈએ 108 માં ફોન કરતા એમ્બ્યુલન્સ આવતા મારા ભાઈ મોરારીને સરકારી હોસ્પિટલમાં સારવારમાં લાવતા ડોક્ટર સાહેબે મારા ભાઈ મોરારીને મરણ ગયેલાનું જાહેર કરેલ અને અહીં મારા મિત્ર મહેશ હરિભાઈ મૂછડીયાએ વાત કરેલ કે હું બપોરના પોણા બારેક વાગ્યે મારા દીકરાને લઈ દવા લેવા જવું હોય જેથી હું મારા ઘરે જતો હતો ત્યારે તમારા માતાજીના મઢમાં દેકારાનો અવાજ આવતા હું ત્યાં જતા તારા ભાઈ મોરારીને અનિલ છગનભાઈ મકવાણા તથા પ્રફુલ છગનભાઈ મકવાણા તથા ભરતભાઈ નાથાભાઈ મકવાણા એમ ત્રણેયે પકડી રાખેલ હતો અને ઈશ્વરના હાથમાં છરી હતી તેના વડે મોરારીને શરીરે આડેધડ ઘા મારતો હતો અને મોરારી લોહી લુહાણ થઈ ગયેલ અને આ લોકો મને જોઈ જતા આ ચારેય જણા ત્યાંથી ભાગેલ અને મોરારી તરફડિયા મારવા લાગેલ જેથી મને કહેવા આવેલની વાત મહેશે કરેલ. આ બનાવનું કારણ એવું છે કે આ ઈશ્વર છગનભાઈ મકવાણા કે જે અમારી જ જ્ઞાતિનો છે તે તથા મારો ભાઈ મોરારી આશરે છેલ્લા પાંચેક વર્ષથી મિત્ર છે અને આ ઈશ્વર આઠેક દિવસ પહેલા મારી બહેન જ્યોતિ સાથે ફોનમાં વાત કરતો હોવાનું મને તથા મારા ભાઈ મોરારીને જાણ થતા અમો બંને

ભાઈઓએ જ્યોતિને ઠપકો આપેલ અને ઈશ્વરને પણ તે દિવસે મે તથા મોરારીએ સમજાવેલ તો તે અમારી સાથે બોલાચાલી કરવા લાગેલ જેથી અમો બંને ભાઈઓ ઘરે આવતા રહેલ અને ઈશ્વર અગાઉ મારી બહેન જયોતી સાથે ફોનમાં વાત કરતો હોય અને પાછળ પડેલ હોય તેવી ખબર પડતા બાદ ગઈકાલ રાત્રિના આશરે બારેક વાગ્યે હું તથા મારો ભાઈ મોરારી તથા અમારી જ્ઞાતિના રાજુભાઈ સોલંકી ઈશ્વરના ઘરે સમજાવવા જતા ત્યાં પણ ઈશ્વર ગાળો બોલવા લાગતા અમે ઘરે જતા રહેલ બાદ આજરોજ સવારે આશરે દસેક વાગ્યે ઈશ્વરના મમ્મી નીમુબેન તથા ઈશ્વર તથા તેના બંને ભાઈ અમારા ઘરે આવેલ અને સમાધાનની વાતચીત કરી જતા રહેલ હતાં, જેથી આ બનાવ બનવાનુ કારણ આ ઈશ્વર મારી બહેન જ્યોતિ સાથે મોબાઈલ ફોનમાં વાત કરતો હોય અને તેની પાછળ પડેલ હોય જેથી તેને વારંવાર સમજાવવાના પ્રયત્નો કરી ઠપકો આપતા તેનો ખાર રાખી તા.૨૭/૦૪/૨૦૧૯ ના રોજ બપોરના આશરે પોણા બારેક વાગ્યે મારો ભાઈ મોરારી અમારા ઘરની બાજુમાં અમારા માતાજીનો મઢ આવેલ છે ત્યાં સૂતો હતો ત્યારે ઈશ્વરના કાકા ભરતભાઈ નાથાભાઈ મકવાણા તથા ઈશ્વરનો મોટો ભાઈ અનિલ છગનભાઈ મકવાણા તથા તેનો નાનો ભાઈ પ્રકુલ ઉર્ફે ભુપો છગનભાઈ મકવાણા એમ ત્રણેયે મારા ભાઈને પકડી રાખી આ ઈશ્વર ઉર્ફે ઈસુ ઉર્ફે દબુ છગનભાઈ મકવાણાએ મારા ભાઈ મોરારીને શરીરે, ગળાના ભાગે, છાતીના ભાગે પેટ તથા બંને હાથ તથા સાંથળે એમ શરીરે છરીના આડેધડ ઘા મારી મારા ભાઈ મોરારીનું મોત નિપજાવેલ હોય આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર થવા મારી ફરિયાદ તા.૨૭/૦૪/૨૦૧૯ ના રોજ રાજકોટ શહેર, આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર સમક્ષ નોંધાવવામાં આવેલ. જે ફરીયાદ રાજકોટ શહેર, આજીડેમ પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજીસ્ટર નં.૬૨/૨૦૧૯, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨,૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.

૨. ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ શરૂ કરેલી, તે દરમ્યાન જરૂરી પંચનામાંઓ કરી સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ. ત્યારબાદ તપાસ દરમ્યાન આરોપીઓને અટક કરવામા આવેલ તેમજ સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનુ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

૩. **કમીટલ કાર્યવાહી :**

આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત હકીકતે રાજકોટના વિધ્વાન જયુડીશ્યલ મેજેસ્ટ્રેટ ફ.ક.સાહેબશ્રીની કોર્ટમા ચાર્જશીટ દાખલ થતા તે ફોજદારી કેસ નં.૧૧૪૬૮/૨૦૧૯ થી રજીસ્ટરે લઈ સદર આરોપીઓને તેઓની વિરૂધ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનાઓ પૈકી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સત્ર અદાલતને હોય, વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ સામેનો સદર કેસ સી.આર.પી.સી.કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમીત કરતા તે સેશન્સ કેસ નં.૧૯૪/૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

૪. આરોપીને તેની વિરૂધ્ધના કેસના પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલી છે. આરોપીએ તેના સ્વખર્ચે બચાવમાં વકીલ રોકેલા છે. આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલત ધ્વારા તારીખ : ૧૩/૦૨/૨૦૨૬ ના રોજ આંક–૯૫(એ) થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનુ તહોમતનામું ફરમાવી, તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા આરોપીઓનો આંક–૯૫(બી) તથા આંક–૯૫(સી) થી જવાબ નોંધવામાં આવેલ. જેમા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ અને કેસ આગળ

ચલાવવાનુ જણાવતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ તેમજ આ અદાલતમાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

૫. ફરીયાદપક્ષ તર્ફે કેસની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન પોતાના કેસના સમર્થનમા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **મૌખિક પુરાવો.**

| ક્રમ | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચસાહેદ રમેશ પુંજાભાઇ બથવાર | ૫૧ |
| ૦૨ | પંચંસાહેદ દેવજીભાઇ ભીખાભાઇ વઘેરા | ૫૩ |
| ૦૩ | સાહેદ વિનોદરાય ભગવાનજીભાઇ ત્રાંબડીયા | ૫૭ |
| ૦૪ | સાહેદ વેદપ્રકાશ ઓમકારસીહ યાદવ | ૬૦ |
| ૦૫ | તાલુકા એકઝીકયુટીવ મેજી. વિજય વલ્લભદાસ વસાણી | ૬૬ |
| ૦૬ | પંચસાહેદ રાહુલ દિનેશભાઇ પરમાર | ૬૮ |
| ૦૭ | પંચસાહેદ રાજેશભાઇ બાવજીભાઇ સોલંકી | ૭૧ |
| ૦૮ | પંચસાહેદ સંજય મનસુખભાઇ સોલંકી | ૭૨ |
| ૦૯ | સાહેદ રવિન્દ્ર દીનેશભાઇ મકવાણા | ૭૪ |
| ૧૦ | સાહેદ મહેશભાઇ હરીભાઇ મુછડીયા | ૭૮ |
| ૧૧ | ફરીયાદી ઇશ્વર ઉર્ફે ઇસુ કેશુભાઇ મકવાણા | ૮૪ |
| ૧૨ | શબપરીક્ષણ કરનાર ડો. પ્રીન્સ કુમાર જયંતીલાલ મણવર | ૯૦ |
| ૧૩ | તપાસ કરનાર અધિકારી મેહુલકુમાર જેરામભાઇ રાઠોડ | ૯૮ |

(બી) **દસ્તાવેજી પુરાવો.**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન અને વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | મરણજનારના કપડા કબજે કરવાનુ પંચનામુ | ૫૨ |
| ૦૨ | ઇન્કવેસ્ટ પંચનામું | ૫૪ |
| ૦૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામું | ૫૫ |
| ૦૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૫૮ |
| ૦૫ | ફોરવર્ડીંગ લેટર | ૬૧ |

| | | |
|---|---|---|
| ૦૬ | મરણજનારની લાશનુ ઈન્કવેસ્ટ ભરવા અંગેની યાદી | ૬૭ |
| ૦૭ | આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરવાનુ પંચનામું | ૬૯ |
| ૦૮ | ડિસ્કવરી પંચનામું | ૭૩ |
| ૦૯ | ફરીયાદ | ૮૫ |
| ૧૦ | મરણોત્તર ફોર્મ | ૯૧ |
| ૧૧ | મરણજનારની લાશનુ પી.એમ.કરવાની યાદી | ૯૨ |
| ૧૨ | પી.એમ. નોટ | ૯૩ |
| ૧૩ | ફોરેન્સીક મેડીસીન ડિપાર્ટમેન્ટનો શોર્ટ રીપોર્ટ | ૯૪ |
| ૧૪ | પી.એમ. નોટ મળવાની યાદી | ૯૫ |
| ૧૫ | ગુનો રજીસ્ટર કરવા અંગેનો પત્ર | ૯૯ |
| ૧૬ | ડેપ્યુટ હુકમ | ૧૦૦ |
| ૧૭ | સી.આર.પી.સી. કલમ–૧૫૪ હેઠળનો અહેવાલ | ૧૦૧ |
| ૧૮ | હથીયારબંધીનુ જાહેરનામુ | ૧૦૨ |
| ૧૯ | ભારે ગુનાનો રીપોર્ટ | ૧૦૩ |
| ૨૦ | આજીડેમ પો.સ્ટે.દ્રવારા એફ.એસ.એલ.કચેરીને બનાવવાળી જગ્યાની વીઝીટ કરી અભિપ્રાય આપવા અંગેનો પત્ર | ૧૦૪ |
| ૨૧ | લાશ મળ્યાની પહોંચ | ૧૦૫ |
| ૨૨ | આજીડેમ પોલીસ સ્ટેશન દ્વારા પી.ડી.યુ. રાજકોટને આરોપીના બ્લડ સેમપલ લેવા લખેલ પત્ર | ૧૦૬ |
| ૨૩ | લોહીના નમુના મળ્યા બદલની પહોંચ | ૧૦૭ |
| ૨૩ | બનાવવાળી જગ્યાનો નકશો બનાવી આપવા અંગે સર્કલ ઈન્સ્પેકટર, મામલતદાર કચેરીને કરેલ પત્ર | ૧૦૮ |
| ૨૪ | મુદામાલ રવાનગી પત્રક અને સત્તા અંગેનુ પ્રમાણપત્ર | ૧૦૯ |
| ૨૫ | મુદામાલ મળ્યા અંગેની પહોંચ | ૧૧૦ |
| ૨૬ | કોલ ડીટેઈલની યાદી તથા કોલ ડીટેઈલ–૪૭ પાનામાં | ૧૧૧ |

૬. આ કામે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૧૨ થી કલોઝીંગ પુરસીસ

આપ્યા બાદ આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમો સામે કોઇ પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે, તેઓ સામે ખોટી ફરીયાદના આધારે ખોટા પુરાવાઓ ઉભા કરીને ખોટા પંચનામાંઓ તથા નિવેદનો લઇને ખોટી કાર્યવાહીના આધારે ખોટો કેસ ઉભો કરેલ હોય, જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે હુકમ કરવા અરજ કરેલ છે.

૭. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી રજૂઆત કરતાં જણાવે છે કે, આ કામે ફરીયાદપક્ષે નિ:શંકપણે કેસ પુરવાર કરેલ છે. આરોપીઓએ મરણજનારને પકડી રાખી ગળાના ભાગે, છાતીના ભાગે, પેટે, બંને હાથે, સાંથળે છરીના આડેધડ ઘા મારી ગંભીર ઇજાઓ કરી ફરીયાદીના ભાઇ મરણજનારનુ મોત નિપજાવી ગંભીર ગુનો કરેલ છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષે નિ:શંકપણે કેસ પુરવાર કરેલ હોય આરોપીને સખતમા સખ સજા કરવા રજુઆત કરેલ છે.

૮. જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા પોતાની દલીલોમાં જણાવે છે કે, હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ કરેલા આક્ષેપો તેમજ તહોમતનામાં મુજબનો કોઈ ગુનો ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી. આ કામે ઇજા પામનાર ફરીયાદી અને પંચસાહેદોએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ તમામ સંજોગો, કારણો ધ્યાને લઈ ફરિયાદપક્ષે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૯. આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રી તથા

આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. ઉપરોકત કારણો અને હકીકતો તથા બંને પક્ષકારોની રજુઆતો તેમજ સમગ્ર પુરાવાઓ ધ્યાનમાં લેતા હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થયેલ છે.

**–// મુ દ્દા ઓ //–**

**૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરણજનારનુ મૃત્યુ હોમીસાઇડલ ડેથ હતુ ?**

**ર. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવના અરસામાં ફરીયાદીની બહેન જયોતી સાથે આ કામના આરોપી નં.૧ ઇશ્વર ઉર્ફે ઇસુ ઉર્ફે દબુ છગનભાઇ મકવાણા ફોન પર વાત કરતો હોય અને પાછળ પડી ગયેલ હોય જે બાબતે ફરીયાદી તથા મરણજનાર મોરારી કેશુભાઇ મકવાણાએ આરોપી નં.૧ ઇશ્વર ઉર્ફે ઇસુ ઉર્ફે દબુને વારંવાર સમજાવી ઠપકો આપતા તે બાબતનો ખાર રાખી મરણજનાર પોતાના માતાજીના મઢમાં સુતા હતા ત્યારે આરોપી નં.ર થી ૪ નાઓએ ફરીયાદીના ભાઇ મોરારીને પકડી રાખી આરોપી નં.૧ ઇસુ ઉર્ફે ઇસુ ઉર્ફે દબુ મકવાણાએ ફરીયાદીના ભાઇ મોરારીને શરીરે ગળાના ભાગે, છાતીના ભાગે, પેટે, બંને હાથે, સાંથળે એમ શરીરે છરીના આડેધડ ઘા મારી ગંભીર ઇજાઓ કરી ફરીયાદીના ભાઇ મોરારી કેશુભાઇ મકવાણાનુ મોત નિપજાવી એકબીજાની મદદગારી કરી મહે.પોલીસ કમીશનર સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦ર, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩પ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?**

**ર. શું હુકમ ?**

**૧૦.** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**૧) હકારમાં**

**ર) નકારમાં**

**૩) આખરી હુકમ મુજબ.**

–// **<u>કા ર ણો</u>** //–

**<u>મુદ્દા નંબર-૧</u>** :-

**૧૧.** આ કામે ફરીયાદપક્ષના સાહેદ નં.૧૨ થી ડોકટર પ્રિન્સકુમાર જયંતીલાલ મણવરને આંક-૯૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તારીખ ૨૭/૦૪/૨૦૧૯ ના બપોરના ૩:૧૫ કલાકે હુ અને મારા સાથી ડોકટર સી. એન. ગજેરા અમારી ફરજ પર હાજર હતા ત્યારે આજીડેમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ શ્રી આર.વિ.કડછા શબપરીક્ષણના જરૂરી કાગળો સાથે મોરારી કેશુભાઈ મકવાણાના શબને શબપરીક્ષણ અર્થે અમારા વિભાગમા લાવેલા હતા. આ શબનુ શબપરીક્ષણ અમોએ તે જ દીવસના બપોરના ૩:૩૫ કલાકે શરૂ કરેલ અને તે જ દીવસના બપોરના ૪:૨૦ કલાકે પૂર્ણ કરેલ હતુ. ઉપરોકત શબ પરીક્ષણની નોંધ અમોએ અમારા પી.એમ. રજીસ્ટરમા પી.એમ. નંબર ૯૪૦/૨૦૧૯ થી કરેલ હતી. અમોને આશરે ૨૧ વર્ષની ઉંમર વાળો ઓળખાયેલો પુરૂષ જાતીનો શબ શબપરીક્ષણ માટે મળેલો હતો. શબ ઉપર કોઈ કપડા ન હતા. શબ ઉપર કોઈક કોઈક જગ્યાએ સુકાઈ ગયેલા લોહીના ડાઘા હતા. કાળા કલરનું ટ્રેક પેન્ટ બ્લ્યુ કલરનુ અંડરવીયર અને બ્લ્યુ કલરનો આંખી બાંયનો શર્ટ અમોને શબની સાથે મળેલો હતો. આ કપડા ઉપર કોઈક કોઈક જગ્યાએ સુકાઈ ગયેલા લોહીના ડાઘા હતા અને શર્ટ અને ટ્રેક પેન્ટ ઉપર તીક્ષ્ણ કાપાઓ હતા જેનુ વર્ણન પી.એમ. નોટના કોલમ નંબર-૭ મા કરેલુ છે, તે મુજબનુ હતુ. શબ ઠંડુ અને મધ્યમ બાંધાનુ હતુ. શરીર અકડાઈ જવાની પ્રક્રિયા ડેવલોપીંગ ફોર્મમા હતી. પી.એમ. લીવીડીટી શરીરના પાછળના ભાગ ઉપર દબાણ સીવાયના બધા ભાગ ઉપર હાજર હતી અને તે સ્થાયી ન હતી. શબનો ચહેરો કુદરતી અને તેમા કોઈ અસામાન્ય ચીન્હો ન હતા. બાહય જનનેન્દ્રિયો પર કોઈ ઈજાઓ હાજર ન હતી. બંને હાથ અને બંને પગ સામાન્ય રીતે સીધા હતા. શબ ઉપર કુલ-૩૪ બાહય ઈજાઓ હતી આ ઈજાઓ ઈનસાઈઝડ વુંડ અને સ્ટેબ વુંડ પ્રકારની હતી. જેમાંથી ઈન્સાઈઝડ વુંડ કોઈપણ તીક્ષ્ણ

પદાર્થથી થઈ શકે તેવી હતી અને સ્ટેબ વુંડ તીક્ષ્ણ અને ભોંકી શકાય તેવા પદાર્થથી થઈ શકે તેવા પ્રકારની હતી. ઉપરોકત–૩૪ ઈજાઓનુ સંપૂણ વર્ણન પી.એમ. નોટના કોલમ નંબર – ૧૭ મા કરેલુ છે. માથાની ચામડીની અંદરની બાજુએ અને ખોપરીમા કોઈપણ ઈજા ન હતી. છાતીના પોલાણમા આશરે દોઢ થી બે લીટર જેટલુ અર્ધ જામેલ લોહી હતુ. છાતીની દીવાલ પાંસળીઓ અને ફેફસાના બાહય આવરણો અને ફેંફસામા મળેલ ઈજાનુ વર્ણન પીએમ નોટના કોલમ નંબર–૧૭ મા કરેલુ છે. હદયના ચારેય ખાનાઓમાં પ્રવાહી લોહી અને ગંઠાયેલુ લોહી હતુ. તેને લોહી પુરુ પાડતી કોરોનરી ધમનીઓ ખુલ્લી હતી. પેટના પોલાણમા આશરે ૧ થી ૧.૨ લીટર જેટલુ અર્ધ જામેલ લોહી હતુ. જઠરમા આશરે ૭૦ થી ૮૦ સીસી જેટલુ પીળા કલરનુ અર્ધઘન પદાર્થ હતો તેની અંત:ત્વચા ફીકકી હતી અને તેમાંથી કોઈ અસામાન્ય દુર્ગંધ આવતી ન હતી. આ ઉપરાંત પેટની દીવાલ અને મોટા અને નાના આંતરડામા થયેલી ઈજાનુ વર્ણન પીએમ નોટના કોલમ નંબર ૧૭ મા કરેલુ છે. પેટના બધા અવયવો ફીકકા હતા. કરોડરજજુ અને કરોડસ્તંભ સામાન્ય હતા. અમોએ શબ પરીક્ષણ દરમ્યાન એક સફેદ કપડાના ટુકડા ઉપર લોહીનો નમુનો લઈ તેને સુકવેલો તે અમે બ્લડ ગ્રુપીંગ અને ક્રોસ મેચીંગ માટે રાખેલો હતો. આ લોહીના નમુનાવાળા કપડાના ટુકડાને અમોએ શબ પરીક્ષણ બાદ સીલ અને લેબલ કરી પોલીસને સોંપેલ હતો. મરણજનારનું મૃત્યુ શબ પર થયેલી ઘણીબધી ઈજાઓના કારણે આઘાત અને લોહી વહી જવાને લીધે થયુ હોવાનુ અમારુ માનવુ છે. આ ઈજાઓ તીક્ષ્ણ અને ભોંકી શકાય તેવા પદાર્થથી થયેલી હતી. આ ઈજાઓ મૃત્યુ પહેલાની અને તાજી હતી. આ ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમા મૃત્યુ નીપજાવવા માટે પુરતી હતી.

**૧૧.૧.** આ ડોકટર સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પીએમ કરતા પહેલા પોલીસ યાદી અને ઈન્કવેસ્ટ

પંચનામુ મળેલા હતા. એ વાત ખરી છે કે, પીએમ નોટમા જે ભોકાયેલી ઈજાઓ દર્શાવેલી છે તે ધારદાર પતરુ અથવા કાચ વાગી જવાથી પણ થઈ શકે છે. એ વાત ખરી નથી કે, શબનુ પીએમ કર્યા વગર પોલીસના કહયા મુજબ પાછળથી પીએમ નોટ ખોટી ઉભી કરેલ છે. એ વાત ખરી નથી કે, સરતપાસમા જણાવ્યા મુજબની કામગીરી કરેલ ન હોવા છતા પીએમ ડોકટરને મદદરૂપ થવા ખોટી જુબાની આપુ છુ.

**૧૨.** આ કામે મરણજનાર વિજયાબેનનુ મૃત્યુ હોમીસાઈડલ ડેથ છે કે કેમ તે નકકી કરવા માટે સૌપ્રથમ આંક–૯૩ વાળો પોસ્ટમોર્ટમ રીપોર્ટ વંચાણે લેતા મરણજનારને કોલમ નં.૧૭ મા જે ઈજા દર્શાવેલ છે તે ઈજાઓ ઈનસાઈઝડ વુંડ અને સ્ટેબવુંડ પ્રકારની હતી. જેમાથી ઈન્સાઈઝડ વુંડ કોઈપણ તીક્ષ્ણ પદાર્થથી થઈ શકે તેવી હતી અને સ્ટેબવુંડ તીક્ષ્ણ અને ભોંકી શકાય તેવા પદાર્થથી થઈ શકે તેવા પ્રકારની હતી અને છરીથી થઈ શકે તેવી ઈજાઓ છે અને આ ઈજાઓના કારણે મરણજનારનુ મૃત્યુ થયેલુ છે અને આ ઈજાઓ મૃત્યુ પહેલાની અને તાજી હતી તેવુ જણાવેલ છે. આ સંજોગોમાં મરણજનારને થયેલ ઈજાઓના કારણે મૃત્યુ થયેલુ છે તેવુ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી મુદા નં.૧ નો જવાબ ''**હકારમાં**'' આપવામાં આવે છે.

**મુદા નંબર :–૨**

**૧૩.** આ કામના આરોપી વિરૂધ્ધ આંક–૯૫(એ) થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામાં મુજબ બનાવના અરસામાં ફરીયાદીની બહેન જયોતી સાથે આ કામના આરોપી નં.૧ ઈશ્વર ઉર્ફે ઈસુ ઉર્ફે દબુ છગનભાઈ મકવાણા ફોન પર વાત કરતો હોય અને પાછળ પડી ગયેલ હોય જે બાબતે ફરીયાદી તથા મરણજનાર મોરારી કેશુભાઈ મકવાણાએ આરોપી નં.૧ ઈશ્વર ઉર્ફે ઈસુ ઉર્ફે દબુને વારંવાર સમજાવી ઠપકો આપતા તે બાબતનો ખાર રાખી મરણજનાર પોતાના માતાજીના મઢમાં સુતા હતા ત્યારે

આરોપી નં.૨ થી ૪ નાઓએ ફરીયાદીના ભાઇ મોરારીને પકડી રાખી આરોપી નં.૧ ઇસુ ઉર્ફે ઇસુ ઉર્ફે દબુ મકવાણાએ ફરીયાદીના ભાઇ મોરારીને શરીરે ગળાના ભાગે, છાતીના ભાગે, પેટે, બંને હાથે, સાંથળે એમ શરીરે છરીના આડેધડ ઘા મારી ગંભીર ઇજાઓ કરી ફરીયાદીના ભાઇ મોરારી કેશુભાઇ મકવાણાનુ મોત નિપજાવી એકબીજાની મદદગારી કરી મહે.પોલીસ કમીશનર સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

**૧૪.** ઉપરોકત તહોમતનામાંના અનુસંધાને ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવાની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

ફરીયાદપક્ષે સાહેદ નં.૧ પંચ રમેશ પુંજાભાઇ બથવારને આંક–૫૧ થી સોગંદ ઉપર તપાસેલ છે. કે જેઓ મરણજનારના કપડા કબજે કરવાના પંચનામાંના પંચ સાહેદ છે. જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તા.૨૭/૦૪/૨૦૧૯ ના રોજ હુ રાત્રીના સમયે આજીડેમ પોલીસ સ્ટેશન તરફથી પસાર થઇ રહેલ હતો ત્યારે પોલીસે મને બોલાવી મારુ નામ, ઉંમર, સરનામુ પુછી એક લખાણ તૈયાર કરેલ હતુ અને તે હેઠળ મારી સહી લીધેલી. કયા પ્રકારનુ લખાણ હતુ તેની મને જાણ નથી. મને પંચનામું બતાવવામા આવે છે, જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હુ ઓળખી બતાવુ છુ. વધુમાં જણાવેલ છે કે, મારી હાજરીમાં ચાર વ્યકિતઓ પાસેથી કપડા કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.

**૧૪.૧.** ઉપરોકત પંચ સાહેદે તેમના કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના પુરાવામાં ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, મે પંચનામામાં માત્ર સહી કરેલી તે સીવાય મને કાઇ ખબર નથી.

આમ, પંચસાહેદે પંચનામાંની હકીકતથી વિરોધાભાષી

હકીકતો જણાવી છે અને પંચસાહેદને ***ફરી ગયેલા*** જાહેર કરવામાં આવેલ છે. આ પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

**૧૫.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.ર પંચ દેવજીભાઇ ભીખાભાઇ વધેરાને આંક–૫૩ થી સોગંદ ઉપર તપાસેલ છે. કે જેઓ ઇન્કવેસ્ટ પંચનામાંના તથા ગુનાવાળી જગ્યાના પંચનામાંના પંચ સાહેદ છે. જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૭/૦૪/૨૦૧૯ ના રોજ મને સીવીલ હોસ્પીટલના પી.એમ.રૂમ પાસે બોલાવેલ અને તે સમયે પોલીસે મારુ નામ, ઉંમર, સરનામુ પુછી એક લખાણ તૈયાર કરેલ હતુ અને તે હેઠળ મારી સહી લીધેલી. કયાં પ્રકારનુ લખાણ હતુ તેની મને જાણ નથી. મને ઇન્કવેસ્ટ પંચનામું બતાવવામા આવે છે, જે જોઇને કહુ છુ કે તેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે. વધુમાં જણાવેલ છે કે, મને આ સમયે મરણજનારની લાશ બતાવવામાં આવેલ હોય અને તે અંગેનુ પંચનામું બતાવવામાં આવેલ હોય તેમ બનેલ નથી. તેમજ તા.૨૭/૦૪/૨૦૧૯ ના રોજ ભીમરાવનગર ખાતે જૈન દેરાસર સામે ઇશ્વરભાઇ મકવાણાના માતાજીના મઢ પાસે બોલાવવામાં આવેલ હોય અને આ જગ્યાએ મઢની અંદર સ્થળસ્થીતીનુ પંચનામું કરવામાં આવેલ હોય તેમ પણ બનેલ નથી. મને બનાવવાળી જગ્યાનુ પંચનામું બતાવવામાં આવે છે, જેમા પંચ નં.ર તરીકે મારી સહી છે, જે હુ ઓળખુ છુ. વધુમાં જણાવે છે કે, મને આ જગ્યાએ કોઇ વસ્તુ કબજે કરવામાં આવેલ હોય કે દિવાલ ઉપર લોહીના ડાઘાઓ બતાવવામાં આવેલ હોય અને કોઇ ચાદર કબજે કરવામાં આવેલ હોય તેમ બનેલ નથી.

**૧૫.૧.** ઉપરોકત પંચ સાહેદે તેમના કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના પુરાવામાં ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, મે પંચનામામાં માત્ર સહી કરેલી તે સીવાય મને કાઇ ખબર નથી.

આમ, પંચસાહેદે પંચનામાંની હકીકતથી વિરોધાભાષી હકીકતો જણાવી છે અને પંચસાહેદને ***ફરી ગયેલા*** જાહેર કરવામાં આવેલ છે. આ પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

**૧૬.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૩ સ્થળ પરીક્ષણ કરનાર વિનોદરાય ભગવાનજીભાઈ ત્રાંબડીયાને આંક-૫૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૭/૦૪/૨૦૧૯ ના રોજ તેઓ તેમની ફરજ પર હતા ત્યારે રાજકોટ સીટી પોલીસ કંટ્રોલના ટેલીફોનીક મેસેજ દ્રવારા બનાવવાળી જગ્યાની મુલાકાત લીધેલ હતી. જેમા ગુના સ્થળ રાજકોટ શહેરના રાજકોટથી ભાવનગર જતા હાઈવે આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભીમરાવનગર શેરી નં.૧ અને ભીમરાવ નગર મેઈન રોડના કોર્નર પર આવેલ માતાજીના મઢમા હતુ. ગુના સ્થળનુ બારીકાઇથી નીરીક્ષણ કરેલુ. ગુના સ્થળે માતાજીની છબી, કપડા વિગેરે વેરવિખેર પડેલ હતા. ફર્સ પર, ગાદલા પર, દિવાલ પર ઘેરા કથ્થાઈ સુકાયેલા અનીયમીત આકારના ધાબા/છાંટાઓ હતા. તેનુ અલગ-અલગ પ્રાથમીક કસોટી કરતા દરેકમા પરીણામ સકારાત્મક આવેલ હતુ. ગુના સ્થળેથી હથીયાર, કપડા કે અન્ય આનુષંગીક પુરાવાઓ મળેલ નથી. બનાવ વખતે ભોગબનનાર તથા આરોપીઓએ પહેરેલા કપડા, દરેકના કંટ્રોલ બ્લડ, હથીયાર વિગેરે આનુષંગીક પુરાવાઓ એફ.એસ.એલ.રાજકોટને મોકલવા તેમજ ગુના સ્થળની આજુબાજુ આવેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવવા તપાસ કરનાર અમલદારને સમજ કરેલ અને લીધેલા નમુનાઓ (૧) ગુના સ્થળેથી લાલ, ક્રિમ લીલા વિગેરે પટ્ટાના ડીઝાઇન વાળી ચાદર એક પ્લાસ્ટીકની કોથળીમા, (૨) ગુના સ્થળેથી ફર્સ પરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ પ્લાસ્ટીકની કોથળીમા, (૩) કંટ્રોલ થ્રેડ પ્લાસ્ટીકની કોથળીમાં હતા જે એફ.એસ.એલ.રાજકોટને મોકલવા સમજ કરેલ. મને સ્થળ

પરીક્ષણનો અહેવાલ બતાવવામા આવતા, તે જોઇને કહે છે કે, તેમા મારા હસ્તાક્ષર છે અને મારી સહી છે.

**૧૬.૧.** ઉપરોકત સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, મને સ્થળ પરીક્ષણ પહેલા બનાવવાળી જગ્યાનુ પંચનામું મળેલુ તેમજ યાદી મળેલી. સાહેદ જણાવે છે કે, ટેલીફોનીક મેસેજ મળેલ હતા. એ વાત ખરી નથી કે, કોઇપણ જાતનુ બનાવવાળી જગ્યાનુ પરીક્ષણ કર્યા વગર પોલીસના કહેવાથી પાછળથી હાલનો આ રીપોર્ટ તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે, મે સ્થળ તપાસમાં જણાવેલ કોઇપણ જાતના નમુનાઓ લેવડાવેલ ન હોવા છતા લેવડાવેલ હોવાનુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે, સરતપાસમાં જણાવેલી કોઇ કામગીરી કરેલ ન હોવા છતા મારા ખોટા રીપોર્ટના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ.

**૧૭.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૪ વેદપ્રકાશ ઓમકારસિંહ યાદવને આંક-૬૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૬/૦૬/૨૦૧૯ ના રોજ તેઓ એફ.એસ.એલ.કચેરી ખાતે મદદનીશ નિયામક બાયોલોજી વિભાગમા મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન આજીડેમ પોલીસ સ્ટેશન તરફથી કુલ-૧૪ સીલબંધ પાર્સલો પ્રયોગશાળામા પરીક્ષણ અર્થે મળેલા હતા. જેનુ બાયોલોજી, સીરોલોજી પરીક્ષણ મે જાતે કરેલ હતુ. આ અન્વયે અમોએ પૃથ્થકરણ કરી અભિપ્રાય આપેલ હતો. જેમા તપાસ કરનાર અમલદાર દ્રવારા મળેલ પત્ર તથા મારો પરીક્ષણ અહેવાલ છે જે પરીક્ષણ અહેવાલમાં મારી સહી છે તથા ભૌતીકશાસ્ત્ર પરીક્ષણ અહેવાલ સાયન્ટીફીક ઓફીસરશ્રી જી.એલ.સવસાણી મારફત તૈયાર કરવામા આવેલ હતો, જે આ કામે રજુ છે, જેમા જી.એલ.સવસાણીની સહી છે, જે હુ ઓળખુ છુ. આ રીપોર્ટનો ઉલ્લેખ મારા રીપોર્ટમાં પણ છે.

**૧૭.૧.** ઉપરોકત ફરીયાદીની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, તપાસ અધિકારીના કહેવાથી મે તેઓના જણાવ્યા મુજબ રીપોર્ટ તૈયાર કરી આપેલ હતો. એ વાત ખરી નથી કે, મે મુદામાલનુ પૃથ્થકરણ કરેલ જ નથી. એ વાત ખરી નથી કે, પોલીસને મદદરૂપ થવા મે કોઇપણ જાતનુ પૃથ્થકરણ કર્યા વિના અહેવાલ તૈયાર કરેલ છે. એ વાત ખરી છે કે, મને મુદામાલ મળ્યો ત્યાર પહેલા તે મુદામાલ મારી કસ્ટડીમાં ન હતો. એ વાત ખરી છે કે, મુદામાલ એફ.એસ.એલ.કચેરીના જવાબદાર કર્મચારીની કસ્ટડીમાં હોય છે અમોને પરીક્ષણ સમયે આપવામાં આવે છે.

**૧૮.** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.પ વિજય વલ્લભદાસ વસાણીને આંક–૬૬ થી સોગંદ ઉપર તપાસેલ છે. કે જેઓએ મરણજનારનુ ઈન્કવેસ્ટ પંચનામું કરનાર છે. જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, હુ સને–૨૦૧૯ ની સાલમાં રાજકોટ તાલુકાના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટના ઈન્ચાર્જ તરીકે ફરજ ઉપર હતો ત્યારે આજીડેમા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. મારફત મરણ જનાર મોરાકી કેશુભાઇ મકવાણાની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામું ભરવા અમોને તા.૨૭/૦૪/૧૯ ના રોજ યાદી મળેલ અને આ યાદીના આધારે સરકારી હોસ્પીટલ રાજકોટના પી.એમ.રૂમમાં બપોરે ૧૪ કલાકે મોરારી કેશુભાઇ મકવાણાનુ ઈન્કવેસ્ટ પંચનામું કરેલ જેમા મરણ જનારના ભાઇ ઇશ્વરભાઇ કેશુભાઇ મકવાણાએ મરણ જનારની લાશ ઓળખી બતાવેલ અને બે પંચોની હાજરીમાં તેઓના તપાસ કરનાર અધિકારીએ લાશનુ વિગતવારનુ પંચનામું કરેલ જે પંચનામું કલાક :૧૫/૦૦ પૂર્ણ થયેલ. જે પંચનામામાં મારી સહી છે.

**૧૮.૧.** ઉપરોકત સાહેદે તેમના કોર્ટ સમક્ષના સોગંદ ઉપરના પુરાવામાં ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, રાજકોટ સીટીમાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે નોકરી કરે છે.

એ વાત ખરી છે કે, આજીડેમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેરમાં આવે છે અને હુ રાજકોટ તાલુકાનો એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કલેકટરશ્રીના હુકમ મુજબ અમોને ડયુટી આપેલ છે. એ વાત ખરી છે કે, મે આવો કલેકટરશ્રીનો હુકમ રજુ કરેલ નથી અને પોલીસને પણ આપેલ નથી. એ વાત ખરી છે કે, ઇન્કવેસ્ટ પંચનામામાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ હાજર છે તેવુ કયાંય લખવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મને જે યાદી મળેલ તેમા રાજકોટ શહેરની માથે ચેકચાક કરીને રાજકોટ તાલુકા લખાવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ ચેકચાકની આજુબાજુમાં મારી કે યાદી આપનાર વ્યકિતની કોઇ ટુંકી સહી કરવામાં આવેલ નથી.

૧૯. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં.૬ પંચ પરમાર રાહુલ દિનેશભાઇને આંક-૬૮ થી સોગંદ ઉપર તપાસેલ છે. કે જેઓ આરોપીએ બનાવ વખતે પહેરેલા કપડા કબજે કરવાના પંચનામાંના પંચ સાહેદ છે. જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, મારી હાજરીમાં પોલીસે કોઇ કપડા કબજે કરેલ હોય કે કોઇ વ્યકિતઓની અટક કરેલ હોય અને તે અંગેનુ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી. હુ ટ્રેકટરનો ફેરો નાખવા પોલીસ સ્ટેશન બાજુ ગયેલ ત્યારે પોલીસે મને ઉભો રાખીને સહી લીધેલી. મને મુદામાલવાળા કપડા બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ નહી. મને આરોપીએ બનાવ વખતે પહેરેલા કપડા કબજે કરવાનુ પંચનામું બતાવવામાં આવે છે, જેમા પંચ નં.ર તરીકે મારી સહી છે, જે હુ ઓળખુ છુ.

આમ, પંચસાહેદે પંચનામાંની હકીકતથી વિરોધાભાષી હકીકતો જણાવી છે અને પંચસાહેદને ***ફરી ગયેલા*** જાહેર કરવામાં આવેલ છે. આ પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

૨૦. ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૦૭ રાજેશભાઇ બાવજીભાઇ

સોલંકીને આંક–૭૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. કે જેઓ બનાવવાળી જગ્યાના પંચનામાંના પંચ સાહેદ છે. જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, મને આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસવાળાએ બોલાવેલ હોય અને કોઇ પંચનામું મારી હાજરીમાં કરેલ હોય તેવુ બનેલ નથી. મારી હાજરીમાં કોઇ ચાદર જેવો મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. મને બનાવવાળી જગ્યાનુ પંચનામું બતાવવામાં આવે છે, જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હુ ઓળખુ છુ. વધુમાં જણાવે છે કે, અમો ગાડી લઇને જતા હતા ત્યારે પોલીસે ગાડી ઉભી રખાવીને મારી સહી લીધેલી. મને કોઇ મુદામાલ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ નહી.

**૨૦.૧.** ઉપરોકત સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે તૈયાર લખેલા કાગળોમાં મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઇ મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, હુ બનાવ વિશે કશુ જાણતો નથી.

**૨૦.૨.** આમ, પંચસાહેદે પંચનામાંની હકીકતથી વિરોધાભાષી હકીકતો જણાવી છે અને પંચસાહેદને ***ફરી ગયેલા*** જાહેર કરવામાં આવેલ છે. આ પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

**૨૧.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૦૮ પંચ સંજય મનસુખભાઇ સોલંકીને આંક–૭૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓ ડિસ્કવરી પંચનામાંના પંચ સાહેદ છે. જેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, મને આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસવાળાએ બોલાવેલ હોય અને કોઇ પંચનામું મારી હાજરીમાં કરેલ હોય તેવુ બનેલ નથી. મારી હાજરીમાં છરી જેવો મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. મને ડિસ્કવરી પંચનામું બતાવવામાં આવે છે, જેમા પંચ નં.૨ તરીકે મારી સહી છે, જે હુ ઓળખુ છુ. વધુમાં જણાવે છે કે, હુ મારા કારખાનેથી ઘરે જતો હતો

ત્યારે પોલીસવાળા રસ્તામાં ઉભા હતા ત્યારે મારી સહી કરાવેલી. મને કોઈ મુદામાલ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ નહી.

**૨૧.૧.** ઉપરોકત સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે તૈયાર લખેલા કાગળોમાં મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, હુ બનાવ વિશે કશુ જાણતો નથી.

**૨૧.૨.** આમ, પંચસાહેદે પંચનામાંની હકીકતથી વિરોધાભાષી હકીકતો જણાવી છે અને પંચસાહેદને ***ફરી ગયેલા*** જાહેર કરવામાં આવેલ છે. આ પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

**૨૨.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૦૯ રવિન્દ્ર દિનેશભાઈ મકવાણાને આંક–૭૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૧૯ મા હુ કડીયાકામ કરતો હતો. મે ભીમરાવનગર શેરી નં.૧ મા મોરારી કેશુભાઈ મકવાણાના માતાજીના મઢ પાસે માણસો ભેગા થયેલ હોય તેવુ જોયેલ નથી. મે મોરારી કેશુભાઈ મકવાણાને લોહીલુહાણ હાલતમાં પડેલ હોય તેવુ જોયેલ નથી. એ વાતની મને ખબર નથી કે, મોરારી કેશુભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સમા લઈ ગયેલ હોય અને ત્યાં ડોકટરશ્રીએ તેને મરણ જનાર જાહેર કરેલ હોય. મને બનાવ વિશે કાઈ ખબર નથી. પોલીસે મારૂ બનાવ વિશે કોઈ નિવેદન લીધેલ નથી.

**૨૨.૧.** ઉપરોકત સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારુ નામ–સરનામુ પુછેલુ. એ વાત ખરી છે કે, બનાવ શુ બનેલો તેની મને જાત માહીતી નથી.

**૨૨.૨.** આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી અને સાહેદને **ફરી ગયેલા** જાહેર કરવામાં આવેલ છે.

**૨૩.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૧૦ મહેશભાઇ હરીભાઇ મુછડીયાને આંક–૭૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે મારૂ કોઈ નિવેદન લીધેલ નથી. હુ મોરારી કેશુભાઈ મકવાણાને ઓળખતો નથી. એવુ બનેલ નથી કે હુ મારી શેરીમા જયા માતાજીનો મઢ આવેલ છે ત્યા પહોંચતા અંદરથી અવાજ આવતો હોય જેથી અંદર જોતા અમારી શેરીમા રહેતા મોરારીને અનીલ છગનભાઈ મકવાણા તથા પ્રકુલ છગનભાઈ મકવાણા તથા ભરતભાઈ નાથાભાઈ મકવાણાએ એમ ત્રણેયે પકડી રાખેલ હતો. મારી નજર સામે મારી હાજરીમા મોરારી નામની વ્યકિતને ઈશ્વર ઉર્ફે ઈસુ છરી મારતો હોય અને મોરારી લોહીલુહાણ હાલતમા પડી ગયેલ હોય અને આ લોકો મને જોઈ જતા આ ચારેય જણા ત્યાંથી ભાગી ગયેલ હોય તેવુ બનેલ નથી. મોરારી નામની વ્યકિતને એમ્બ્યુલન્સ ૧૦૮ આવતા તેને એમ્બ્યુલન્સમા સરકારી દવાખાને લઈ ગયેલ હોય અને ત્યાં પાછળ હુ પણ ગયેલ હોય અને ત્યાં ડોકટરે તેને મરણ ગયેલ જાહેર કરેલ હોય તેવુ બનેલ નથી. મને કોઈ મુદામાલ બતાવવામા આવે તો ઓળખી શકુ નહી. મને આરોપી બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહી. આજરોજ મુદામાલ છરી બતાવવામા આવતા જણાવુ છુ કે આ તે છરી નથી અને મે આ છરી જોયેલ નથી. આરોપીઓને હુ ઓળખતો નથી.

**૨૩.૧.** ઉપરોકત સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે મને રોડ ઉપર ઉભા રાખીને મારૂ નામ–સરનામુ પુછેલ આથી વિશેષ કોઈ વિગત પુછેલ નથી. એ વાત ખરી છે કે, મે બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મરણ જનારને આરોપીઓએ કોઈ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવો કોઈ બનાવ મે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મે બનાવ વિશે વાત કોઈપણ વ્યકિતને કરેલ નથી. એ વાત ખરી છે કે, મરણ જનારને કોણે, કેવી રીતે અને કયા ઈજા પહોંચાડેલ તે મે જોયેલ નથી.

**૨૩.૨.** આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી અને સાહેદને **ફરી ગયેલા** જાહેર કરવામાં આવેલ છે.

**૨૪.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૮૪ ફરીયાદી ઈશ્વર ઉર્ફે ઈસુ કેશુભાઇ મકવાણાને આંક–૮૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, મારે પરીવારમા મારા શાન્તુબેન તથા મારી બહેન જયોતી છે. મારા ભાઈ મોરારીનુ હાલ અવસાન થયેલ છે. તારીખ ૨૭/૦૪/૨૦૧૯ ના રોજ મારામારીનો કોઈ બનાવ બનેલ હોય અને બનાવ બાબતની મે પોલીસ ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી. મે મારા ભાઈ મોરારીનુ મૃત્યુ થયેલ હતું. તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ ન હતી. મે મારા ભાઈનુ મૃત્યુ નીપજાવેલ હોય તે બાબતની કોઈ ફરીયાદ આપેલ નથી. મારા બેન જયોતીબેનને ઈશ્વર નામનો કોઈ માણસ ફોન કરતો હોય અને તે બાબતે અમારે તેની સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી. મને કોઈ મુદ્દામાલવાળી છરી બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહીં. મને મારા ભાઈ મોરારીના મૃત્યુ નીપજાવવાના બનાવ વિશે મહેશ હરીભાઈ મુછડીયાએ રૂબરૂમા કોઈ હકીકત જણાવેલ નથી. આરોપીઓ મને બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહી. મને આંક–૮૫ વાળી અસલ ફરીયાદ બતાવવામા આવે છે, જે જોઈને કહુ છુ કે, તેમા મારી સહી છે. વધુમાં જણાવે છે કે, મુદામાલવાળી છરી મને બતાવવામાં આવે છે, જે જોઇને કહુ છુ કે, બનાવ સમયે કોઇ છરી મે જોયેલ ન હતી.

**૨૪.૧.** ઉપરોકત ફરીયાદીની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારુ નામ સરનામું પુછેલુ અને તૈયાર કાગળોમાં સહી કરાવેલી. એ વાત ખરી છે કે, તેમા શુ લખાણ લખેલ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મે પોલીસને કોઈ વિગતો લખાવેલ નથી. એ વાત ખરી છે કે, હાલના

આરોપીઓને મારા ભાઈને કોઈ છરી વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી કે તે બાબતે હુ કશુ જાણતો નથી. એ વાત ખરી છે કે, આરોપી ઈશ્વરે મારી બહેનને કોઈપણ જાતના મેસેજ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મહેશ હરીભાઈએ મને બનાવ વિશે કોઈ વાત કરેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ શુ બનેલો તેની મને જાત માહીતી નથી.

**૨૪.૨.** ઉપરોકત મુખ્ય સાહેદ એવા ફરીયાદીએ પોતાના પુરાવામાં મારામારીનો કોઈ બનાવ બનેલ હોય અને બનાવ બાબતની મે પોલીસ ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી અને મે મારા ભાઈ મોરારીનુ મૃત્યુ થયેલ હતું, તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ ન હતી અને મે મારા ભાઈનુ મૃત્યુ નીપજાવેલ હોય તે બાબતની કોઈ ફરીયાદ આપેલ નથી અને મારા બેન જયોતીબેનને ઈશ્વર નામનો કોઈ માણસ ફોન કરતો હોય અને તે બાબતે અમારે તેની સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી અને ફરીયાદી આરોપીઓને ઓળખતા નથી અને મને કોઈ મુદ્દામાલવાળી છરી બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહીં તેમ જણાવેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ મારા ભાઈને કોઈ છરી વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી કે તે બાબતે હુ કશુ જાણતો નથી. આમ, ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી અને સાહેદને **ફરી ગયેલા** જાહેર કરવામાં આવેલ છે.

**૨૫.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારી મેહુલકુમાર જેરામભાઈ રાઠોડને આંક-૯૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, સને-૨૦૧૯ મા હુ આજીડેમ પોલીસ સ્ટેશન રાજકોટમાં ઇ.ચા.પી.આઇ. તરીકે ફરજ ઉપર હતો અને તા.૨૭/૦૪/૨૦૧૯ ના રોજ ફરીયાદી ઈશ્વરભાઈ મકવાણાએ તેમના ભાઈનુ ખુન થયા બદલની ફરીયાદ લખાવેલ જે ફરીયાદ

અન્વયે ગુન્હો રજીસ્ટર થયા બાદ પી.એસ.ઓ.દ્વારા આગળની તપાસનો ડેપ્યુટ હુકમ થયેલ અને સી.આર.પી.સી.કલમ–૧૫૪ હેઠળનો અહેવાલ રજુ કરેલ અને ત્યારબાદ આ કામે જરૂરી પંચનામાંઓ કરેલા અને બનાવવાળી જગ્યાની વીઝીટ કરી અભિપ્રાય આપવા એફ.એસ.એલ.કચેરી રાજકોટને પત્ર કરવામાં આવેલ અને મોબાઇલ ઇન્વેસ્ટીગેશન વાનના સાયન્ટીફીક ઓફીસરનો અહેવાલ, મરણ જનારનુ મરણોતર ફોર્મ અને પી.એમ.નોટ મેળવી કામમા સામેલ રાખેલ અને આરોપીઓના બ્લડ સેમ્પલો મેળવવા પી.ડી.યુ.હોસ્પીટલને પત્ર કરવામા આવેલ અને બનાવવાળી જગ્યાનો નકશો બનાવ આપવા મામલતદાર કચેરીને પત્ર કરેલ અને લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીઓની અટક કરેલી તેમજ મુદામાલ કબજે કરી પૃથ્થકરણ અર્થે મોકલી આપેલ અને મારી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આમ, તપાસ કરનાર અધિકારીએ તેમની ફરજ રૂએની કામગીરી કરેલ છે.

**૨૫.૧.** ઉપરોકત તપાસ કરનાર અમલદારની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, પંચનામાંઓ ઓફીસમાં બેસીને તૈયાર કરેલા. એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામામાં પંચોની સહી કરેલી. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, ખોટી તપાસ કરીને ખોટુ ચાર્જશીટ કરેલુ.

**૨૬.** આ કામે રજુ થયેલ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા સૌપ્રથમ ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લેતા તારીખ :૨૭/૦૪/૨૦૧૯ ના બપોરના આશરે બારેક વાગ્યે હું મારા ઘરે હતો ત્યારે અમારી શેરીમાં રહેતો મારો મિત્ર મહેશ હરિભાઈ મુછડીયા મારા ઘરે આવેલ અને મને કહેલ કે તારા ભાઈ

મોરારીને તમારા માતાજીના મઢમાં ઈશ્વર તથા તેના કાકા ભરતભાઈ તથા અનિલ તથા પ્રકુલે ભેગા મળી છરીના ઘા મારેલ છે તેમ કહેતા હું તથા મારા મમ્મી શાંતુબેન અમારા ઘરની બાજુમાં જ માતાજીનો મઢ આવેલ છે ત્યાં જતા મારો ભાઈ મોરારી લોહી લુહાણ હાલતમાં પડેલ હતો અને હીબકા લેતો હતો અને તેના શરીરે, ગળામાં, છાતીના ભાગે, પેટના ભાગે, હાથ તથા સાથળમાં ઈજા થયેલ જોવામા આવેલ અને બીજા માણસો ભેગા થયેલ તેમાંથી કોઈએ 108 માં ફોન કરતા એમ્બ્યુલન્સ આવતા મારા ભાઈ મોરારીને સરકારી હોસ્પિટલમાં સારવારમાં લાવતા ડોક્ટર સાહેબે મારા ભાઈ મોરારીને મરણ ગયેલાનું જાહેર કરેલ અને અહીં મારા મિત્ર મહેશ હરિભાઈ મૂછડીયાએ વાત કરેલ કે હું બપોરના પોણા બારેક વાગ્યે મારા દીકરાને લઈ દવા લેવા જવું હોય જેથી હું મારા ઘરે જતો હતો ત્યારે તમારા માતાજીના મઢમાં દેકારાનો અવાજ આવતા હું ત્યાં જતા તારા ભાઈ મોરારીને અનિલ છગનભાઈ મકવાણા તથા પ્રકુલ છગનભાઈ મકવાણા તથા ભરતભાઈ નાથાભાઈ મકવાણા એમ ત્રણેયે પકડી રાખેલ હતો અને ઈશ્વરના હાથમાં છરી હતી તેના વડે મોરારીને શરીરે આડેધડ ઘા મારતો હતો અને મોરારી લોહી લુહાણ થઈ ગયેલ અને આ લોકો મને જોઈ જતા આ ચારેય જણા ત્યાંથી ભાગેલ અને મોરારી તરફડિયા મારવા લાગેલ જેથી મને કહેવા આવેલની વાત મહેશે કરેલ. આ બનાવનું કારણ એવું છે કે આ ઈશ્વર છગનભાઈ મકવાણા કે જે અમારી જ જ્ઞાતિનો છે તે તથા મારો ભાઈ મોરારી આશરે છેલ્લા પાંચેક વર્ષથી મિત્ર છે અને આ ઈશ્વર આઠેક દિવસ પહેલા મારી બહેન જ્યોતિ સાથે ફોનમાં વાત કરતો હોવાનું મને તથા મારા ભાઈ મોરારીને જાણ થતા અમો બંને ભાઈઓએ જ્યોતિને ઠપકો આપેલ અને ઈશ્વરને પણ તે દિવસે મે તથા મોરારીએ સમજાવેલ તો તે અમારી સાથે બોલાચાલી કરવા લાગેલ જેથી અમો બંને ભાઈઓ ઘરે આવતા રહેલ અને ઈશ્વર અગાઉ મારી બહેન જયોતી સાથે ફોનમાં વાત કરતો હોય અને પાછળ પડેલ

હોય તેવી ખબર પડતા બાદ ગઈકાલ રાત્રિના આશરે બારેક વાગ્યે હું તથા મારો ભાઈ મોરારી તથા અમારી જ્ઞાતિના રાજુભાઈ સોલંકી ઈશ્વરના ઘરે સમજાવવા જતા ત્યાં પણ ઈશ્વર ગાળો બોલવા લાગતા અમે ઘરે જતા રહેલ બાદ આજરોજ સવારે આશરે દસેક વાગ્યે ઈશ્વરના મમ્મી નીમુબેન તથા ઈશ્વર તથા તેના બંને ભાઈ અમારા ઘરે આવેલ અને સમાધાનની વાતચીત કરી જતા રહેલ હતાં, જેથી આ બનાવ બનવાનુ કારણ આ ઈશ્વર મારી બહેન જ્યોતિ સાથે મોબાઈલ ફોનમાં વાત કરતો હોય અને તેની પાછળ પડેલ હોય જેથી તેને વારંવાર સમજાવવાના પ્રયત્નો કરી ઠપકો આપતા તેનો ખાર રાખી તા.૨૭/૦૪/૨૦૧૯ ના રોજ બપોરના આશરે પોણા બારેક વાગ્યે મારો ભાઈ મોરારી અમારા ઘરની બાજુમાં અમારા માતાજીનો મઢ આવેલ છે ત્યાં સૂતો હતો ત્યારે ઈશ્વરના કાકા ભરતભાઈ નાથાભાઈ મકવાણા તથા ઈશ્વરનો મોટો ભાઈ અનિલ છગનભાઈ મકવાણા તથા તેનો નાનો ભાઈ પ્રફુલ ઉર્ફે ભુપો છગનભાઈ મકવાણા એમ ત્રણેયે મારા ભાઈને પકડી રાખી આ ઈશ્વર ઉર્ફે ઇસુ ઉર્ફે દબુ છગનભાઈ મકવાણાએ મારા ભાઈ મોરારીને શરીરે, ગળાના ભાગે, છાતીના ભાગે પેટ તથા બંને હાથ તથા સાંથળે એમ શરીરે છરીના આડેધડ ઘા મારી મારા ભાઈ મોરારીનું મોત નિપજાવેલ હોય આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર ફરીયાદ આપેલાની હકીકત જણાવેલ છે.

**૨૭.** આ કામે ફરીયાદપક્ષની ફરીયાદ હકીકતના સમર્થનમાં સાહેદ નં.૧૧ ફરીયાદી ઈશ્વર ઉર્ફે ઇસુ કેશુભાઈ મકવાણાનો પુરાવો આંક-૮૪ થી રજુ થયેલ છે, જે વંચાણે લેતા ફરીયાદીએ ફરીયાદને સમર્થન કરેલ નથી. વધુમાં ફરીયાદીએ સરતપાસમાં જણાવેલ છે કે, તારીખ ૨૭/૦૪/૨૦૧૯ ના રોજ મારામારીનો કોઈ બનાવ બનેલ હોય અને બનાવ બાબતની મે પોલીસ ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી. મે મારા ભાઈ મોરારીનુ મૃત્યુ થયેલ હતું. તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ ન હતી. મે મારા ભાઈનુ મૃત્યુ

નીપજાવેલ હોય તે બાબતની કોઈ ફરીયાદ આપેલ નથી. મારા બેન જયોતીબેનને ઈશ્વર નામનો કોઈ માણસ ફોન કરતો હોય અને તે બાબતે અમારે તેની સાથે ઝઘડો થયેલ હોય તેવુ બનેલ નથી. મને કોઈ મુદ્દામાલવાળી છરી બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહીં. મને મારા ભાઈ મોરારીના મૃત્યુ નીપજાવવાના બનાવ વિશે મહેશ હરીભાઈ મુછડીયાએ રૂબરૂમા કોઈ હકીકત જણાવેલ નથી. આરોપીના કઠેરામાંથી આરોપીઓને બતાવતા સાહેદે તમામ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી. આમ મહત્વના સાહેદ ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારબાદ બચાવપક્ષ ધ્રવારા ફરીયાદીની ઉલટતપાસ કરતા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારુ નામ–સરનામુ પુછેલુ અને તૈયાર કાગળોમાં સહી કરાવેલી. એ વાત ખરી છે કે, તેમા શુ લખાણ લખેલ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મે પોલીસને કોઇ વિગતો લખાવેલ નથી. એ વાત ખરી છે કે, હાલના આરોપીઓને મારા ભાઇને કોઇ છરી વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી કે તે બાબતે હુ કશુ જાણતો નથી. એ વાત ખરી છે કે, બનાવ શુ બનેલો તેની મને જાત માહીતી નથી.

તેમજ અન્ય મહત્વના સાહેદ નં.૧૦ મહેશભાઇ હરીભાઇ મુછડીયાને આંક–૭૮ થી તપાસેલ છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે મારૂ કોઈ નિવેદન લીધેલ નથી. હુ મોરારી કેશુભાઈ મકવાણાને ઓળખતો નથી. એવુ બનેલ નથી કે હુ મારી શેરીમા જયા માતાજીનો મઢ આવેલ છે ત્યા પહોંચતા અંદરથી અવાજ આવતો હોય જેથી અંદર જોતા અમારી શેરીમા રહેતા મોરારીને અનીલ છગનભાઈ મકવાણા તથા પ્રકુલ છગનભાઈ મકવાણા તથા ભરતભાઈ નાથાભાઈ મકવાણાએ એમ ત્રણેયે પકડી રાખેલ હતો. મારી નજર સામે મારી હાજરીમા મોરારી નામની

વ્યકિતને ઈશ્વર ઉર્ફે ઈસુ છરી મારતો હોય અને મોરારી લોહીલુહાણ હાલતમા પડી ગયેલ હોય અને આ લોકો મને જોઈ જતા આ ચારેય જણા ત્યાંથી ભાગી ગયેલ હોય તેવુ બનેલ નથી. મોરારી નામની વ્યકિતને એમ્બ્યુલન્સ ૧૦૮ આવતા તેને એમ્બ્યુલન્સમા સરકારી દવાખાને લઈ ગયેલ હોય અને ત્યાં પાછળ હુ પણ ગયેલ હોય અને ત્યાં ડોકટરે તેને મરણ ગયેલ જાહેર કરેલ હોય તેવુ બનેલ નથી. મને કોઈ મુદામાલ બતાવવામા આવે તો ઓળખી શકુ નહી. મને આરોપી બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહી. આજરોજ મુદામાલ છરી બતાવવામા આવતા જણાવુ છુ કે આ તે છરી નથી અને મે આ છરી જોયેલ નથી. આરોપીઓને હુ ઓળખતો નથી. આમ નજરે જોનાર મહત્વના સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર સાહેદની વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારબાદ બચાવપક્ષ દ્રવારા સાહેદની ઉલટતપાસ કરતા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે મને રોડ ઉપર ઉભા રાખીને મારૂ નામ-સરનામુ પુછેલ આથી વિશેષ કોઇ વિગત પુછેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મરણ જનારને આરોપીઓએ કોઇ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવો કોઇ બનાવ મે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મે બનાવના વિશે વાત કોઇપણ વ્યકિતને કરેલ નથી. એ વાત ખરી છે કે, મરણ જનારને કોણે, કેવી રીતે અને કયા ઈજા પહોંચાડેલ તે મે જોયેલ નથી.

તેમજ અન્ય મહત્વના સાહેદ નં.૦૯ રવિન્દ્ર દિનેશભાઇ મકવાણાને આંક-૭૪ થી તપાસેલ છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને-૨૦૧૯ મા હુ કડીયાકામ કરતો હતો. મે ભીમરાવ નગર શેરી નં.૧ મા મોરારી કેશુભાઇ મકવાણાના માતાજીના મઢ પાસે માણસો ભેગા થયેલ હોય તેવુ જોયેલ નથી. મે મોરારી કેશુભાઇ મકવાણાને લોહીલુહાણ હાલતમાં પડેલ હોય

તેવુ જોયેલ નથી. એ વાતની મને ખબર નથી કે, મોરારી કેશુભાઇને ૧૦૮ એમ્બ્યુલન્સમા લઈ ગયેલ હોય અને ત્યાં ડોકટરશ્રીએ તેને મરણ જનાર જાહેર કરેલ હોય. મને બનાવ વિશે કાઈ ખબર નથી. પોલીસે મારૂ બનાવ વિશે કોઈ નિવેદન લીધેલ નથી. આમ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર સાહેદની વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારબાદ બચાવપક્ષ ધ્રવારા સાહેદની ઉલટતપાસ કરતા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારુ નામ-સરનામુ પુછેલુ. એ વાત ખરી છે કે, બનાવ શુ બનેલો તેની મને જાત માહીતી નથી.

આમ, ઉપરોકત મહત્વના સાહેદ ફરીયાદી તથા નજરે જોનાર સાહેદનો પુરાવો વંચાણે લેતા આ કામના આરોપીઓએ મરણજનારને છરી વડે ઈજા પહોંચાડી મૃત્યુ નિપજાવેલ હોય તેવી હકીકતનો મહત્વનો પુરાવો ફરીયાદી તથા નજરે જોનાર સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આરોપીઓને ઓળખી બતાવેલ નથી અને મુદામાલ પણ ઓળખી બતાવેલ નથી. આમ, મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષનો તમામ પુરાવાઓ વંચાણે લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હાનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

૨૮. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના રાજીવસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૫ એઆઈજે ઈએલએસસી પાના નં.૫૭૬૬૩ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *It is well entrenched principal of Criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence ot warrant legal conviction and that no person can be held*

*guilty on pure be, otherwise stirring he conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.*

*The above enunciation resonated umpteen times to be reiterated in Raj Kumar Singh @ Raju @ Batya vs. State of Rajasthan (2013) 5 SCC 722 as succinctly summarized in paragraph 21 as hereunder:*

*"Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all*

*features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused., keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense." [ Emphasis laid by the court]*

*In supplementation, it was held in affirmation of the view taken in Kali Ram vs. State of H.P. (1973) 2 SCC 808 that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*

*In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be". A distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. For this, the Court has to essentially undertake an exhaustive and analytical appraisal of the evidence on record and register findings as warranted by the same. The above proposition is so well-established that it does not call for multiple citations to further consolidate the same.*

**૨૯.** ઉપરોકત તમામ પુરાવાઓનુ મુલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે અને આરોપી સામે શંકા ઉપજે તેટલો પુરાવો હોય તો તેને તકસીરવાન

ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવાનુ મુલ્યાંકન આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાઓ હેઠળની કાનુની જોગવાઇ અને તેના આવશ્યક તત્વો ધ્યાને લેતા અત્રે એવી હકીકતો નિ:શંકપણે સ્થાપિત થતી નથી કે, આ કામે આરોપી વિરૂધ્ધના તહોમતનામાં મુજબ બનાવના અરસામાં ફરીયાદીની બહેન જયોતી સાથે આ કામના આરોપી નં.૧ ઇશ્વર ઉર્ફે ઇસુ ઉર્ફે દબુ છગનભાઇ મકવાણા ફોન પર વાત કરતો હોય અને પાછળ પડી ગયેલ હોય જે બાબતે ફરીયાદી તથા મરણજનાર મોરારી કેશુભાઇ મકવાણાએ આરોપી નં.૧ ઇશ્વર ઉર્ફે ઇસુ ઉર્ફે દબુને વારંવાર સમજાવી ઠપકો આપતા તે બાબતનો ખાર રાખી મરણજનાર પોતાના માતાજીના મઢમાં સુતા હતા ત્યારે આરોપી નં.ર થી ૪ નાઓએ ફરીયાદીના ભાઇ મોરારીને પકડી રાખી આરોપી નં.૧ ઇસુ ઉર્ફે ઇસુ ઉર્ફે દબુ મકવાણાએ ફરીયાદીના ભાઇ મોરારીને શરીરે ગળાના ભાગે, છાતીના ભાગે, પેટે, બંને હાથે, સાંથળે એમ શરીરે છરીના આડેધડ ઘા મારી ગંભીર ઇજાઓ કરી ફરીયાદીના ભાઇ મોરારી કેશુભાઇ મકવાણાનુ મોત નિપજાવી એકબીજાની મદદગારી કરી મહે.પોલીસ કમીશનર સાહેબશ્રીના હથીયારંબધીના જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરેલ હોવાનુ મૌખિક પુરાવાથી તેમજ દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતુ નથી. તેમજ આ કામે ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી અને બનાવના મહત્વના સાહેદો તથા અન્ય સાહેદોએ પણ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તે સંજોગોમાં ઉપરોકત કારણો તેમજ પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.ર નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

# –// આખરી હુકમ //–

**૧.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૫૮(૧) મુજબ આ કામના આરોપી **(૧) ઈશ્વર ઉર્ફે ઈસુ ઉર્ફે દબુ છગનભાઈ મકવાણા,** ઉ.વ. આ.૨૧, **(૨) આશીષ ઉર્ફે અનીલ છગનભાઈ મકવાણા,** ઉ.વ. આ.૨૨, નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે આરોપી નં.૩ **(૩) ભરતભાઈ નાથાભાઈ મકવાણા અને આરોપી નં.(૪) પ્રફુલ ઉર્ફે ભુપો છગનભાઈ મકવાણા નાઓ અવસાન પામેલ હોય જેથી એબેટ કરવામાં આવેલ છે.**

**૨.** જો આરોપી વિરુદ્ધના ગુન્હાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે **પ્રત્યેક આરોપીએ** બી.એન.એસ.એસ. કલમ–૪૮૧ મુજબ રૂા.૧૫,૦૦૦/– (અંકે રુપિયા પંદર હજાર પુરા) ના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

**3.** આ કામે મુદામાલ પાવતીમાં દર્શાવેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ, આજ તારીખઃ ૧૬ મી, માહેઃ એપ્રિલ સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.<br>
તારીખઃ ૧૬/૦૪/૨૦૨૬.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**<br>
એડીશનલ સેશન્સ જજ,<br>
રાજકોટ.<br>
**(UID:GJ01510)**

*//VVK//*